નિરાધાર વૃધ્ધ પેન્શન યોજનાના
ધારાધોરણોમાં સુધારો કરવા બાબત.

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**ઠરાવ ક્રમાંક:** SJED/NOA/e-file/17/2023/2955/CHH

સચિવાલય, ગાંધીનગર

તા.૦૭/૧૨/૨૦૨૩

**વંચાણે લીધા:**

(૧) મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ કલ્યાણ વિકાસ વિભાગ, તા.૧૭/૦૪/૧૯૭૮ ના ઠરાવ ક્રમાંક: બીએમએ/૧૦૭૮/૨૦૧૬૮–છ

(૨)નિયામકશ્રી, સમાજસુરક્ષા પ્રભાગના તા.૨૯/૦૯/૨૦૨૩ ના પત્ર ક્રમાંક: DSD/0402/09/2023

**આમુખ:**

ઉપર વંચાણે લીધા ક્રમાક: (૧) ના તા.૧૭/૦૪/૧૯૭૮ ના ઠરાવથી નિરાધાર વૃધ્ધો અને નિરાધાર દિવ્યાંગોના નિભાવ માટે નાણાકીય સહાય આપવાની યોજના અમલમાં છે. ભારત સરકારની ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ કેપ સીલીંગ ઉપરાંતના લાભાર્થીઓને રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ પેન્શન યોજનામાં સમાવિષ્ટ કરવા માટે તેમજ યોજનાનો વ્યાપ વધારી પત્રતાના ધારાધોરણોમાં સુધારો કરવા વંચાણે લીધા ક્રમાંક: (૨) થી દરખાસ્ત કરેલ હતી, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે નિરાધાર વૃધ્ધ પેન્શન યોજનાના પાત્રતાના ધારાધોરણોમાં સુધારો કરવાની બાબત અન્વયે ઉક્ત યોજનાના લાભાર્થીઓને નીચેની (A) અથવા (B) માં જણાવેલ શરતોને આધીન લાભ આપવાનુ આથી ઠરાવવામાં આવે છે.

**(A) આવક મર્યાદા ધરાવતા અરજદારો માટે પાત્રતાનાં ધોરણો**

- ઉંમરનું ધોરણ :

૧. અરજદારની ઉંમર ૬૦ વર્ષ કે તેથી થી વધુ હોવી જોઇએ .
૨. દિવ્યાંગ અરજદારના કિસ્સામાં ઉંમર ૪૫ વર્ષ કે તે થી વધુ હોવી જોઈએ અને દિવ્યાંગતાની ટકાવારી ૭૫ ટકા કે તેથી વધુ હોવી જોઇએ.

- આવક મર્યાદા :

૧. ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/– થી વધુ ન હોવી જોઇએ.

૨. શહેરી વિસ્તાર માટે રૂ. ૧,૫૦,૦૦૦/–થી વધુ ન હોવી જોઇએ.

- વસવાટનું ધોરણ :

૧. અરજદાર છેલ્લા ૧૦ વર્ષથી ગુજરાત રાજયમાં વસવાટ કરતો હોવો જોઇએ

- અન્ય ધોરણો :

૧. અરજદારને ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર કે પૌત્ર ન હોવો જોઇએ.

૨. જેમને ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર અથવા પૌત્ર હયાત હોવા છતાં તે પુત્ર કે પૌત્ર શારિરીક દિવ્યાંગતા અથવા માનસિક અસ્થિરતા ધરાવતી હોય અને કમાવવાને અશકિતમાન હોય તેવા નિરાધાર વૃદ્ધ કે નિરાધાર દિવ્યાંગ સહાયને પાત્ર થશે.

૩. જેમને ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર હયાત હોવા છતાં તેના પુત્ર કેન્સર કે ટી.બી.થી પિડાતા હોય અને કમાવવા માટે અશકત હોય તેવા નિરાધાર વૃધ્ધ, નિરાધાર દિવ્યાંગ વ્યકિત જો તેમના પુખ્ત ઉંમરના પુત્રની ઉપર જણાવેલ ગંભીર પ્રકારની બિમારી અંગે સિવિલ સર્જન પાસેથી પ્રમાણપત્ર રજુ કરે તો સહાયને પાત્ર થશે. ટી.બી. ની બિમારીમાંથી સ્વસ્થ અને કમાવવાને શકિતમાન થયે સહાય બંધ થશે.

**અથવા**

**(B) ગરીબી રેખા નીચે (B.P.L.) સામાવિષ્ટ થતાં અરજદારો માટે પાત્રતાનાં ધોરણો**

- ઉંમરનું ધોરણ :

૧. અરજદારની ઉંમર ૬૦ વર્ષ કે તેથી થી વધુ હોવી જોઈએ .

- આવક મર્યાદા :

૧.અરજદાર ગ્રામ્ય વિસ્તારમાં રહેતો હોય અને ગરીબી રેખા હેઠળ B.P.L. યાદીમાં ૦ થી ૨૦ નાં સ્કોરમાં સમાવિષ્ઠ હોવો જોઇએ.

૨. શહેરી વિસ્તારનાં અરજદારો માટે કેન્દ્ર સરકારનાં અર્બન હાઉસિંગ & પોર્વટી એલીવેશન મંત્રાલયનાં ગરીબી નિવારણ કાર્યક્રમોનાં સંદર્ભમાં તૈયાર કરવામાં આવતી B.P.L. યાદીમાં સમાવિષ્ઠ હોવો જોઇએ.

- વસવાટનું ધોરણ :

૧. અરજદાર છેલ્લા ૧૦ વર્ષથી ગુજરાત રાજ્યમાં વસવાટ કરતો હોવો જોઇએ.

ઉપરાંત આ યોજના હેઠળની અન્ય તમામ શરતો યથાવત્ રહેશે. તેમજ ઉકત ઠરાવનો અમલ ઠરાવ થયા તારીખથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૧/૧૧/૨૦૨૩ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

eSign
Signed by: DRASHTI PANKAJBHAI SHAH
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 07-Dec-2023 (11:58 AM)

**(દ્રષ્ટિ શાહ)**

સેકશન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી, નાણા વિભાગ(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી, છ-૧ શાખા- બજેટ શાખા તથા કોમ્પ્યુટર સેલ(વિભાગની વેબસાઇટમાં છ શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે)